# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

વિદ્યાસહાયક ભરતી કાર્યાલય, રંગમંચની બાજુમાં, સુવિધા કચેરીની પાછળ, સેક્ટર-૨૦, ગાંધીનગર.

## જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ – ગુજરાતી માધ્યમ) ની ભરતી અંગેની જાહેરાત વર્ષ:૨૦૨૬

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ) ની સીધી ભરતી માટે સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ જગ્યાઓના પ્રમાણમાં સંબંધિત જિલ્લા/નગર શિક્ષણ સમિતિની ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક માટે મેરીટના ધોરણે ભલામણ કરવા શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ના ઠરાવ તેમજ વખતો વખતના સુધારા ઠરાવથી નિયત થયેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાતની જોગવાઈઓ અને શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:GH/SH/૦૨/PRE ૧૧-૨૦૧૬/SF-૬/K તા.૨૦/૦૧/૨૦૧૭ ના પસંદગી પ્રક્રિયાના નિયમોની જોગવાઈ અન્વયે પાત્રતા ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન-લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યા | જાહેરાત ક્રમાંક | વિભાગ | માધ્યમ | કુલ અંદાજિત જગ્યા |
|---|---|---|---|---|
| વિદ્યાસહાયક (વર્ગ – ૩) | ૦૧/૨૦૨૬ | ધોરણ ૧ થી ૫ | ગુજરાતી માધ્યમ | ૧૧૦૦૦ |

શિક્ષણ વિભાગના તા.૩૧/૦૩/૨૦૨૬ના પત્રથી મળેલ મંજૂરી અન્વયે આ જાહેરાતમાં માત્ર કુલ જગ્યાઓ દર્શાવેલ છે. સરકારી પ્રાથમિક શાળાઓના પ્રાથમિક શિક્ષકોના જિલ્લાફેર બદલી કેમ્પની કાર્યવાહી પૂર્ણ થયેથી તમામ જિલ્લા/નગર શિક્ષણ સમિતિના રોસ્ટર આધારિત ખાલી જગ્યાની વિગતો મેળવી જિલ્લાવાર તેમજ પ્રાથમિક શાળાવાર જગ્યાઓ પછીથી વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.

ઉક્ત ૧૧૦૦૦ જગ્યાઓ પૈકી દિવ્યાંગજનો માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નક્કી કર્યા મુજબની ૪ ટકા લેખેની જગ્યાઓ દિવ્યાંગજનોની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત પ્રથમ પ્રસંગે ન ભરાયેલ જગ્યાઓ પૈકી બીજા પ્રસંગ તરીકે દર્શાવવામાં આવનાર છે. જે જગ્યાઓ માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૧૧/૨૦૨૪ ના ઠરાવમાં બીજા પ્રસંગમાં જણાવ્યા મુજબની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

વધુમાં ઉક્ત પત્રથી મળેલ મંજૂર અન્વયે હાલ જે ઉમેદવારો D.El.Ed. ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં હોય અને ટેટ-૧ પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારો હાલ ઉમેદવારી કરી શકશે. આવાં ઉમેદવારોના D.El.Ed. ના ગુણ તથા માર્કશીટ તેઓની D.El.Ed. નું પરિણામ પ્રસિધ્ધ થયેથી ઓનલાઈન ઉમેરવાની છૂટછાટ આપવામાં આવશે.

(૧) ભરતી અંગેનું ઓન-લાઇન અરજી પત્રક વેબસાઇટ https://dpegujarat.in ઉપર તા.૧૫/૦૪/૨૦૨૬ સવારના ૧૨:૦૦ કલાકથી તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શકાશે.

Visit bongjobs.com for Job Updates

(૨) શૈક્ષણિક લાયકાત, પગાર-ધોરણ, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, પસંદગી પ્રક્રિયાના નિયમો, સ્વીકારકેન્દ્રોની યાદી, ઓનલાઇન અરજીપત્ર ભરવા માટેની સુચનાઓ અને સામાન્ય સુચનાઓ તેમજ ભરતી સંદર્ભે જરૂરી તમામ ઠરાવો/પરિપત્રો ઉપરોક્ત વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને જ અરજી કરવાની રહેશે.

(૩) સ્વીકાર કેન્દ્રમાં અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ ૧૭.૦૦ કલાક સુધી છે. (જાહેર રજાના દિવસ સિવાય)

તા.૦૧/૦૪/૨૦૨૬

સ્થળ:-ગાંધીનગર

પી.કે.ત્રિવેદી

અધ્યક્ષ

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને

પ્રાથમિક શિક્ષણ નિયામક,

ગુજરાત રાજ્ય ગાંધીનગર.